

# મોનસુન પુનઃ સજીવન : હવામાન વિભાગ

## મોનસુનની સ્થિતિમાં સુધાર થતાં નવી આશા જાગી : વાર્ષિક વરસાદ નિર્ધારીત સમય કરતા બે દિવસ મોડેથી દેશભરમાં પહોંચ્યું કપાસ, ચોખા અને સોયાબીન જેવા પાક માટે વાવણીની પ્રક્રિયા ઝડપી બનશે

નવી દિલ્હી, તા. ૧૭

દેશમાં મોનસુન હવે સમગ્ર દેશમાં પહોંચી ગયું હોવાનો દાવો આજે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો. જોકે, સામાન્ય કરતા હજુ પણ ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આજની આગાહીના કારણે મોટી રાહત મળવાના સંકેત દેખાઈ રહ્યા છે. મોનસુન ફરી સજીવન થવાના કારણે ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતના વિસ્તારોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. આના કારણે ચોખા, સોયાબીન અને કપાસ જેવા મુખ્ય પાકની વાવણીની પ્રક્રિયા ઝડપી બને તેવી શકયતા છે. જુન-સપ્ટેમ્બરની સીઝનની શરૂઆત બાદથી ખૂબ ઓછો વરસાદ થઈ રહ્યો હતો જેના કારણે ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે પ્રેમ નિત્ય નવીન નથી હોતો, તે આદત અને છેવટે એક બંધન બની જાય છે

- ખલીલ જિબ્રાન

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૮ | ૧૮ જુલાઇ, ૨૦૧૪, શુક્રવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS નિટ્સ

### અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કિલન્ટન જયપુરની મુલાકાતે

અમેરિકાના પૂર્વ પ્રમુખ બિલ કલીન્ટને તાજેતરમાં જ રાજસ્થાનના જયપુરની મુલાકાત



લીધી હતી. કલીન્ટને અહીં જોવાલાયક સ્થળોની સાથે જ સ્વૈચ્છિક સંસ્થા 'અક્ષયપાત્ર'ની મુલાકાત લીધી હતી. કલીન્ટન અહીંની મધ્યાહન ભોજન યોજનાથી ખુબ પ્રભાવિત થયા હતા.

### વિમાન ભાડા વધુ સસ્તા થયા

ખાનગી વિમાન કંપની સ્પાઈસ જેટ, ઈન્ડિગો તેમજ ગો-એર એ આંતરદેશીય વિમાની સફરમાં ફરીથી ભાડા સસ્તા



બનાવવાની ઓફર જાહેર કરી છે. જેમાં ભાડુ ૧૬૯૯ રૂપિયાથી શરૂ થાય છે. આ યોજના મુજબ ગોવા, પોર્ટબ્લેયર, ધર્મશાલા, ઉદયપુર, તિરુવંતપુરમ અને કોચ્ચી જેવા શહેરો પોપ્યુલર ડેસ્ટિનેશનમાં છે.

### જુલાઈ માસમાં મહારાષ્ટ્રમાં ૩૪ ટકા વરસાદ

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં સારો એવો વરસાદ પડી રહ્યો છે. આ માસમાં મહારાષ્ટ્રમાં ૧૩૭.૨ એમ.એમ. જેટલો વરસાદ પડયો હતો જે



જુલાઈ મહિનાનો ૩૪ ટકા જેટલો થવા જાય છે. જો કે હજુ ગયા વર્ષની સરખામણીએ વરસાદની અછત જોવા મળી રહી છે. ગયા વર્ષના ૪૦ ટકાની સરખામણીએ આ વર્ષે માત્ર ૧૯ ટકા જેટલો જ પાણીનો સંગ્રહ જળાશયોમાં થઈ શકયો છે.

# મેઘરાજા પા...પા પગલીએ પધાર્યા...

## દિવસોની રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાનું ધીમી ગતિએ આગમન : ગાંધીનગર શહેરમાં ૨૪ કલાકમાં ૩૩ મી.મી. વરસાદ : ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૭

મોંઘેરા મહેમાન બની ચુકેલા વરસાદનું આખરે ગાંધીનગરમાં આગમન થયું. જો કે શહેરીજનો તેને મન ભરીને માણે તે પહેલા જ વરસાદ બંધ થઈ જતા સૌ કોઈ નિરાશ બન્યા છે. મેઘરાજા ધોધમાર વરસીને અપેક્ષા પુર્ણ કરે તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. ગુરૂવારે વહેલી સવારે શહેરમાં ૩૩ મી.મી. એટલે કે સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરમાં વાદળછાયુ વાતાવરણ છવાયેલુ છે. વારંવાર ગોરંભાયેલુ આકાશ જોઈ એવું લાગતું હતું કે હમણાં વરસાદ તુટી પડશે પરંતુ માત્ર છાંટા જ પડતા હતા. વહેલી સવારે વરસાદની ગતિમાં વધારો થયો હતો. એ જ ગતિમાં તે સવારે આઠ વાગ્યા સુધી પડ્યો હતો. આકાશમાં ઘેરાયેલા વાદળો જોઈ એવુ લાગતુ હતુ કે ધોધમાર વરસાદ હમણા વરસશે પરંતુ આઠ વાગ્યા પછી તો વરસાદ સાવ બંધ થઈ ગયો હતો. અને બપોરે વાદળો વિખેરાતા આકરો તડકો પણ પડવા માંડ્યો હતો. ધોધમાર વરસાદનો લ્હાલો લેવાની અને તેમા મન ભરીને ભીંજાવવાની વસાહતીઓની ઈચ્છા અધુરી રહી ગઈ હતી. એકાદ-બે દિવસમાં જ ધોધમાર વરસાદ વરશે અને વસાહતીઓની આ ઈચ્છા ઝડપથી પુર્ણ થાય તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. કેટલાક સ્થળોએ ખાબોચિયા પણ ભરાયા હતા. જો કે વરસાદ બંધ થઈ જતા અને બપોર બાદ તડકો નીકળતા પુનઃ બફારો અનુભવાયો હતો. મહત્તમ તાપમાન સવારે ૩૨ ટકા સાંજે ૨૬ ટકા અને ભેજ સવારે ૧૦૦ ટકા તથા સાંજે ૭૩ ટકા નોંધાયો હતો.



(તસવીર : દિપક જાની)

# જિલ્લામાં કાચા સોના જેવા વરસાદથી ખેડૂતોમાં ખુશી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ધીમી ધારના વરસાદને પગલે જમીનમાં ભેજનું તત્વ વધતાં પાકના ઉગાવાને ફાયદો : કપાસના પાકને જીવતદાન

ગાંધીનગર, તા. ૧૭

લાંબી રાહ જોવડાવ્યા બાદ કાચા સોના જેવો વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ખેડૂતોએ થોભાવેલુ વાવણીનું કામ પુનઃ શરૂ કરી દીધુ છે.

ધીમી ધારે થઈ રહેલા વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ એટલા માટે છવાયેલો જોવા મળી રહ્યો છે કે આ પાણી સીધુ જમીનમાં ઉતરશે અને જમીનમાં ભેજનું તત્વ વધતાં તેની સીધી અસર ઉગાવા પર થશે.

ખેડૂતોના આગેવાનોના મતે આ પાણીને કારણે કપાસ અને શાકભાજીના પાકને સારો ફાયદો થશે એટલુ જ નહિ દિવેલાના વાવેતર માટે પણ આ વરસાદ પ્રોત્સાહક સાબિત થશે..

● અનુસંધાન પાન-૭ પર

## ગૃહમાં આક્રમકતાની બડાઈ હાંકનાર કોંગ્રેસનો 'ફ્લોપ શૉ'

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભા ગૃહની અંદર અને બહાર આક્રમકતાથી કાર્યક્રમો કરીને સત્તા પક્ષને ભીંસમાં લેવાનો કોંગ્રેસનો શૉ ફ્લોપ થઈ ગયો હતો.

ગુજરાત વિધાનસભા ગૃહમાં ઉર્જામંત્રી સૌરભ પટેલના ઉચ્ચારણોનો મુદ્દો બનાવીને કોંગ્રેસે ગૃહમાં ગઈકાલે ધમાલ મચાવી હતી, ત્યારબાદ આજે પણ ગૃહની અંદર અને બહાર કાર્યક્રમોની તૈયારી સાથે કોંગ્રેસના સભ્યો આવ્યા હતા પરંતુ ગૃહમાં સત્તાધારી પક્ષની સોગઠીથી વિપક્ષનો શૉ ફ્લોપ થઈ ગયો હતો.

આજ પ્રમાણે ગૃહની બહાર પણ આશ્ચર્યજનક કાર્યક્રમ કરવા માટે કોંગ્રેસના સભ્યો કેટલાક પ્લેકાર્ડ અને પૂતળા લઈને આવ્યા હતા પરંતુ પોલીસે કોંગ્રેસના ધારાસભ્ય અમીત ચૌધરીની કારમાંથી પુતળુ જમા લઈ લીધુ હતુ. જ્યારે કોંગ્રેસના સભ્યોને વિધાનસભા સંકુલમાં 'પ્લેકાર્ડ' લઈને આવતા પણ અટકાવવામાં આવ્યા હતા.

# શાસક અને વિરોધપક્ષનું વિધાનસભામાં સમાધાન

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભામાં આજે સત્તાધારી પક્ષે લોકશાહીની ગરીમા જાળવવા અને સંસદીય બાબતોની તકેદારી રાખવાનો નવો અધ્યાય શરૂ કર્યો હતો. જેમાં વિરોધ પક્ષની આક્રમકતા વચ્ચે પણ નાણામંત્રી સૌરભ પટેલે ગૃહમાં દિલગીરી વ્યક્ત કરી હતી, તો કોંગ્રેસના બે સભ્યોનું સસ્પેન્શન રદ કરવાનો નિર્ણય લીધો હતો. સત્તાપક્ષની આ બાબતોથી વિપક્ષ પણ અચંબામાં પડી ગયો હતો.

ગુજરાત વિધાનસભા ગૃહમાં ગઈકાલે વિરોધ પક્ષ દ્વારા ભારે ધાંધલ ધમાલ મચાવવામાં આવી હતી. જેમાં ઉર્જામંત્રી સૌરભ પટેલે કરેલા ઉચ્ચારણો સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરીને મંત્રી સૌરભ પટેલે જ્યાં સુધી પોતાના શબ્દો પાછા નહિ ખેંચે ત્યાં સુધી અસહકારની ચળવળ ચાલુ રાખવાની ચિમકી ઉચ્ચારી સૂત્રોચ્ચાર કરતા અધ્યક્ષે કોંગ્રેસના બે સભ્યો માનસિંહ ચૌહાણ અને અશ્વિન કોટવાલને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે વિપક્ષના તમામ સભ્યો વોકઆઉટ કરી ગયા હતા.

આજે સવારે વિધાનસભા ગૃહની કાર્યવાહી શરૂ થતા જ અધ્યક્ષે ઉર્જામંત્રીના ઉચ્ચારણો રેકર્ડ પરથી દૂર કરવાની જાહેરાત કરી હતી તે પછી ઉર્જામંત્રી સૌરભ પટેલે પણ ગૃહની ગરિમા જાળવવા માટે જણાવ્યું હતું કે વિપક્ષના નેતાનુ અપમાન કરવાનો ઈરાદો ન હતો.

ઉર્જામંત્રીની દિલગીરી બાદ એક કલાકની પ્રશ્નોત્તરીનો સમય પુર્ણ થયા પછી મુખ્ય દંડક પંકજ દેસાઈએ કોંગ્રેસના બરતરફ થયેલા બે ધારાસભ્યોનું સસ્પેન્શન રદ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. જે સર્વાનુમતે ગૃહમાં પસાર કરવામાં આવ્યો હતો.

આમ સત્તા પક્ષ સામે આક્રમક બનીને લડવાની જાહેરાત કરનાર વિરોધ પક્ષને પાછી પાની કરવી પડી હતી.




## ચોમાસાના નબળા પ્રારંભથી ચિંતા ના કરો : ભારે વરસાદ થશે જ

ગાંધીનગર, તા.૧૭

સૌરાષ્ટ્રના મહદ ભાગોમાં વાવણી લાયક વરસાદ થયો છે જયારે ઉત્તર-મધ્ય ગુજરાતમાં ચોમાસાના નબળા પ્રારંભથી ખેડૂતો વાવણીલાયક વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો કે જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે ભૂભૌગોલિક બાબતો અને ગ્રહ વિગેરેથી અનુમાન કરતા ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં પણ આગામી દિવસોમાં મેઘમહેર તથા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદની વકી રહે જેમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદની વકી રહે અને આ પખવાડીયામાં રાજયના મહદ ભાગોમાં ભારે વરસાદની શકયતા રહે.

જુલાઈ તા. ૧૬મીથી સૂર્ય નિરયણ કર્ક રાશિમાં આવતા ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ થવામાં છે તેમજ આગામી દિવસોમાં ભેજના પ્રમાણમાં પણ વધારો થાય. જુલાઈ તા. ૧૮ થી ૨૧ દરમિયાન રાજયના ઘણા ભાગોમાં વરસાદની શકયતા છે. જુલાઈ તા. ૧૯થી શુક્ર આદ્રા નક્ષત્રમાં આવતા તેમજ આગામી થોડાક જ દિવસોમાં બંગાળના સાગરનું વહન સક્રિય થતા અને ગ્રહો તેમજ અન્ય આધારોના પ્રમાણે જોતા આ વહન દેશના મધ્ય ભાગમાં આવે જેના કારણે સાબરકાંઠા, મહેસાણા, અમદાવાદ, ભાવનગરના ભાગો ઉપરાંત અમરેલી-જુનાગઢ તેમજ હાલારના ભાગમાં હળવાથી ભારે વરસાદની વકી રહે.

**ખારેક મહોત્સવ**

કચ્છના ખેડૂત ભાઈઓ દ્વારા કચ્છની પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ કરવામાં આવેલ છે.

**તા. ૫/૮/૨૦૧૪ સુધી**

કૃષિભવન, પાર્કીંગમાં, સેક્ટર-૧૦, ગાંધીનગર

નારાણભાઈ ગઢવી - મો. : ૯૯૨૫૩ ૩૩૨૯૨




